**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૮/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૬૭૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪૦ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૨૪ બિયર ટીન, ૧ ઓટોરીક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૭ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૫૩,૯૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૯/૧૫**

**કૃષ્ણનગર :** કોમલબહેન ભરતભાઇ સતાપરા (ઉ.વ.૧૭)(રહે.સુંદરવન સોસાયટી, નિકોલ રોડ, વેરાની બાજુમાં, કૃષ્ણનગર) ને તા.૧૭/૮/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ભાગ્યોદય સોસાયટી નજીક આવેલ શંકર ભગવાનનાં મંદિર નજીકથી આરોપી હાર્દિક રમેશભાઇ મેશવા (રહે.શિવકૃપા સોસાયટી, ગોકુલ ડુપ્લેક્ષની પાછળ, લીંબુવાડી નિકોલ રોડ) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ કોમલબહેનનાં પિતા ભરતભાઇ સતાપરાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**આનંદનગર :** ચુનાજી હેમાજી વણઝારા (રહે.ચંદ્રનગરનાં છાપરાં, મારૂતી રેસીડન્સી સામે, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા રોડ, વેજલપુર) તા.૧૮/૮/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૮/૧૫ રાતનાં ૯/૦૦ થી તા.૯/૮/૧૫ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી પુજા (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૮૦/૧૫**

**કાલુપુર :-** દિનાબહેન બાબુલાલ ચૌહાણ (ઉ.વ.૫૦)(રહે.સેક્ટર-૨, ગાંધીનગર) તા.૧૭/૮/૧૫ સવારનાં ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન સારંગપુર સર્કલથી શીતલ સિનેમા સુધીની મુસાફરી દરમ્યાન, ઓટોરીક્ષામાં સાથે બેસેલ એક પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) અને બે મહિલા (૩૦ થી ૩૫ વર્ષના આશરાની) દિનાબહેનની નજરચુકવી દિનાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- ચોરી લઇ ગયા છે. આ અંગેની ફરીયાદ દિનાબહેન ચૌહાણે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૬૮૧/૧૫**

**સેટેલાઇટ :-** ઉષાબહેન મિતેશકુમાર પટેલ (ઉ.વ.૩૫)(રહે.પુષ્પક ફ્લેટ, ઉમિયા વિજય સોસાયટી, સેટેલાઇટ) તા.૧૮/૮/૧૫ બપોરનાં ૩/૫૫ વાગ્યાનાં સુમારે સેટેલાઇટ, રત્નાકર ટાવર સામેથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૩૦ વર્ષના આશરાના) ઉષાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન પટેલે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૬૮૨/૧૫**

**રખિયાલ :** પપ્પુભાઇ ચંદુભાઇ હંસ (રહે.ચંદ્રભાગ હાઉસીંગ બોર્ડ, ગણેશ કોલેજની બાજુમાં, નવા વાડજ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૮/૧૫ સવારનાં ૧૧/૧૦ વાગ્યાના સુમારે રખિયાલ પ્રકાશ ટેક્ષ ટાઇલ્સની દિવાલ નજીકથી હિરાભાઇ નથ્થુભાઇ મકવાણા સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે ડમ્પર ગાડી નંબર જીજે ૧૨ એ.યુ.૯૭૪૨ ના ચાલકે ડમ્પર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં ડમ્પરનું વ્હીલ હિરાભાઇના માથા ઉપર ફરી વળતાં, હિરાભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૩/૧૫**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** જાકિરહુસેન ઉર્ફે રાજુ મોહંમદઅમીન શેખ (ઉ.વ.૨૭)(રહે.ફરહદ એપાર્ટમેન્ટ, તસ્લીમ સોસાયટી, સૈયદવાડી, વટવા) એ કોઇ કારણોસર તા.૧૮/૮/૧૫ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે શાસ્ત્રીબ્રીજ નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઇ વજસીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)